# “કે.વી.કે., આ.કૃ.યુ., દેવાતજ ખાતે મત્સ્ય ખેડૂત દિનની ઉજવણી”

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., દેવાતજ તથા કેન્દ્રીય મીઠા પાણી જીવપાલન અનુસંધાન સંસ્થાન (ICAR –સીફા) ના સંયુક્ત ઉપક્રમે તા. ૨૭૧૨૧૭ના રોજ “મીઠા પાણીમાં વન્નામય ઝીંગાના ઉછેર” વિષય પરત્વે કે.વી.કે., દેવાતજ ખાતે મત્સ્ય ખેડૂત દિનની ઉજવણી કરવામાં આવી. સદર કાર્યક્રમમાં અંદાજીત ૫૦ થી વધુ મત્સ્ય ખેડૂતો સાથે ખેડા જીલ્લા મત્સ્ય અધિકારી; આણંદ સ્થિત ICAR-સીફા સંશોધન કેન્દ્રના વરિષ્ઠ વૈજ્ઞાનિક, ડૉ. સી. કે. મીશ્રા; કે.વી.કે., ના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા, ડૉ. જી. જી. પટેલ તથા બંને કેન્દ્રોના સહયોગી વૈજ્ઞાનિકોની ઉપસ્થિતિમાં સદર કાર્યક્રમ હાથ ધરાયો.

આ કાર્યક્રમની શરૂઆતમાં મત્સ્ય ખેડૂતોની હાજરીમાં કે.વી.કે., દેવાતજ ફાર્મ ખાતેના તળાવ પર મીઠા પાણીમાં વન્નામય ઝીંગા (*Litopenaeus vannamei*- ભાંભરા પાણીમાં ઉછેર કરવામાં આવતી જાત) ના ઉછેરના અખતરા અન્વયેના પરિણામોના નિદર્શન અંતર્ગત ઝીંગાની ઊપજનું પ્રત્યક્ષ નિદર્શન કરવામાં આવ્યું. ત્યારબાદ હાજર રહેલ મત્સ્યખેડૂતો, વૈજ્ઞાનિકો તથા વિસ્તરણ કાર્યકરો વચ્ચે ઇન્ટરફેશ મીટીંગ હાથ ધરવામાં આવી. જેમાં શરૂઆતમાં કેવિકેના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા ડો. જી.જી. પટેલ દ્વારા પ્રાસંગોચીત ઉદબોધન તેમજ કેવિકે દ્વારા ચાલતી વિવિધ પ્રવૃતિઓ વિષે ચર્ચા કરેલ. ત્યારબાદ ICAR –સીફા ના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને ઇન્ચાર્જ દ્વારા આ અખતરો હાથ ધરવાના મુખ્ય ઉદ્દેશ્યો તેમજ અખતરાની પધ્ધતિઓ વિષે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી. કાર્યક્રમના મુખ્ય અતિથી એવા ખેડા જીલ્લા મત્સ્યોદ્યોગ અધિકારી શ્રી મહેશભાઇ થલોટીયાએ આકૃયુ તથા ICAR –સીફા દ્વારા વિકસીત મત્સ્ય ઉત્પાદનની વૈજ્ઞાનિક તકનીકોનો વધુમાં વધુ લાભ લેવા માટે ખેડૂતોને પ્રોત્સાહીત કર્યા. ત્યારબાદ ખેડૂતો દ્વારા મીઠા પાણીમાં વન્નામાઈ ઝીંગાના ઉછેર બાબતે પૂછાયેલા તમામ પ્રશ્નોનું નિરાકરણ વૈજ્ઞાનિકો દ્વારા કરવામાં આવ્યુ. કાર્યક્રમના અંતે ICAR –સીફાના વૈજ્ઞાનિક ડો. અજીત ચૌધરી દ્વારા આભારવિધી કરવામાં આવી.

સમગ્ર કાર્યક્રમનું સફળ આયોજન અને સંચાલન કેવિકેના વૈજ્ઞાનિક (ફીશરીઝ) શ્રી. જે.એચ.ભટ્ટ તથા ICAR –સીફાના વૈજ્ઞાનિક શ્રી સુનિલકુમાર દ્વારા કરવામાં આવેલ.





FIELD DAY
on
vannamei farming in Freshwater
Venue: KVK







